**<u>રેગ્યુલર સીવીલ અપીલ નં.૧૮/૨૦૨૪</u>**

**<u>આંક–૦૫ તળે હુકમ</u>**

આજરોજ એપેલન્ટના વિ.વ.શ્રી એન.આઈ.ઢેબરને સાંભળ્યા. અરજી તથા વિ. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ, ખંભાળીયાએ સ્પે.દિ.મુ.નં.૩/૨૦૦૫ ના કામે તા.૩૦/૯/૨૦૨૪ના રોજ કરેલ હુકમ અને તેના આધારે કરેલ હુકમનામુ વંચાણે લીધુ. વિ.ટ્રાયલ કોર્ટે તા.૩/૧૦/૨૦૨૪ના રોજ તકરારી હુકમ અપીલ સમય સુધી સ્થગીત રાખવા હુકમ કરેલ છે. આ અપીલ સમય મર્યાદામાં છે. પક્ષકારો વચ્ચેની તકરારનો ગુણદોષ ઉપર નિર્ણય થવો જરૂરી છે. વિ.વ.શ્રી ઢેબરની રજુઆત છે કે, આ પ્રકારની તકરારમાં આખરી નિર્ણય કરતા સમયે પ્રાથમીક હુકમનામુ કરવાનુ રહે છે અને તે તકરારી હુકમમાં થયેલ નથી. વધુમાં તેઓની રજુઆત છે કે, તકરારી હુકમ સ્થગીત ન કરવામાં આવે તો અપીલકર્તાઓના તથા મિલ્કતના સહમાલીકોના સ્થાવર મિલ્કત પરના અધિકારીઓ ઉપર વિપરીત અસર થાય તેમ છે. વિ.ટ્રાયલ કોર્ટે અપીલ સમય સુધી પોતાનો તકરારી હુકમ સ્થગીત રાખેલ છે ત્યારે રિસ્પોન્ડન્ટને નોટીસ બજે અને હાજર ન થાય ત્યાં સુધી તકરારી હુકમની અમલવારી મોકુફ રાખવી ન્યાયોચીત જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

વિ.ટ્રાયલ કોર્ટે સ્પે. દિ.મુ.નં.૩/૨૦૦૫ ના કામે તા.૩૦/૯/૨૦૨૪ ના રોજ કરેલ હુકમ તથા હુકમનામુ તમામ રિસ્પોન્ડન્સ અદાલતમાં હાજર ન થાય ત્યાં સુધી સ્થગીત રાખવા હુકમ કરવામાં આવે છે અને તમામ પક્ષકારો અપીલના કામે હાજર થયા બાદ પક્ષકારોને સાંભળીન આ અરજીનો ગુણદોષ ઉપર નિર્ણય કરવામાં આવશે.

આ હુકમ આજરોજ તા.૨૮ માહે–ઓકટોબર, ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ખંભાળીયા
તારીખ : ૨૮/૧૦/૨૦૨૪

સમીર વિનોદચંદ્ર વ્યાસ
પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ,
દેવભૂમિ દ્વારકા, મુ.ખંભાળીયા.
જીજે૦૦૩૪૫